**<u>ચાલુ બાબત, વર્ષ ૨૦૨૬-૨૭</u>**

મુખ્યમંત્રી વનબંધુ કૃષિ ચાંત્રિકીકરણ (Mukhaymantri Vanbandhu Farm Mechanization) (અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે) યોજનાને વહીવટી મંજુરી આપવા બાબત

**ગુજરાત સરકાર**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,**

**ઠરાવ ક્રમાંક:** ACD/KPS/e-file/2/2025/3834/K5

**સચિવાલય, ગાંધીનગર**

**તા.૨૭/૦૫/૨૦૨૬**

**વંચાણે લીધા :-**

(૧)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૧૯/૦૪/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: ACD/KAS/e-file/2/2024/4673/K5

(૨)ખેતી નિયામકની કચેરીનો તા.૧૬/૦૩/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: એલ.ડબલ્યુ.ઇ./ટેક-૩/વ.કૃ.યો/ચા.બા./વ.મં./૧૫૫૦-૫૧/૨૦૨૬, તા.૧૬/૦૩/૨૦૨૬

**આમુખ:-**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરથી અનુસૂચિત જનજાતિના ખેડુતોને વધુ લાભ આપી શકાય તે માટે વર્ષ **૨૦૨૫-૨૬** માં નવી બાબત તરીકે મુખ્યમંત્રી વનબંધુ કૃષિ ચાંત્રિકીકરણ યોજના (અનુસૂચિત જનજાતિ ખેડૂતો માટે) હેઠળ રૂ.૧૦૦.૦૦ કરોડની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવામાં આવેલ. સદરહું યોજનાને વર્ષ ૨૦૨૬-૨૭ માં ચાલુ બાબત તરીકે વહીવટી મંજૂરી આપવા અંગે ખેતી નિયામકની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં દર્શાવેલ પત્રથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૬-૨૭ માં ચાલુ બાબત તરીકે મુખ્યમંત્રી વનબંધુ કૃષિ ચાંત્રિકીકરણ યોજના (અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે) હેઠળ **રૂ.૧૦૦.૦૦ કરોડ**ની વહીવટી મંજુરી આપવાનું નીચેની શરતોને આધિન આથી ઠરાવવામાં આવે છે.

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી ખાતાના વડાની રહેશે.

2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી ખાતાના વડાએ રાખવાની રહેશે.

3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

4. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.

6. ખાતાના વડાએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

7. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

8. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

9. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

10. જો કોઇ કેંદ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

11. કેન્દ્ર સહાયિત યોજનામાં યોજનાની સહાય કેન્દ્ર સરકાર પાસેથી મળેથી તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

12. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

16. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ યોજનાઓની નિયત થયેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

17. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫ ૧૪૦૭-૨, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ''ઈ'' ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. આમ, આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

18. પ્રસ્તુત યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

19. જીલ્લા ખેતીવાડી અધિકારીએ નાણા વિભાગના તા.૩૧-૦૧-૨૦૧૯, તા.૦૫-૧૧-૨૦૧૮, તા.૨૯-૧૦-૨૦૧૬, તા.૦૧-૦૯-૨૦૧૪ ના વિવિધ પરીપત્રો તેમજ વખતો વખત નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

20. જીલ્લા ખેતીવાડી અધિકારીએ નાણાકીય વર્ષના અંતે તેઓ હસ્તક રહેતી રકમ વ્યાજ સહીત સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહી.

21. પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાંટનો જ હિસ્સો ગણવામાં આવશે.

22. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

23. બાંધકામના કામોમાં PWD મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

24. સૂચિત કામો પૈકી જે કામો VB-GRAMG હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો VB-GRAMG યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

25. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

26. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

27. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

28. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

29. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

30. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

31. The Right of Person with Disabilities Act,2016 ની Section 24 અને Section-37ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગ (માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈ પણ કારણોસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પૂરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

32. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૮/૦૭/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: અતમ-૧૦૨૦૨૦-૨૧૮-ક-૫ ની જોગવાઈ મુજબ પ્રસ્તુત યોજનામાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના વ્યક્તિગત લાભ ન લઈ શકતા ખેડૂતોને જૂથમાં સહાય આપવાની રહેશે.

33. આ યોજનાનો અમલ ખેતી નિયામક મારફત કરવાનો રહેશે.

34. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

35. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

ઉપર મુજબની શરતો તેમજ બિડાણમાં સામેલ **પરિશિષ્ટ (૧) થી (૪)** માં જણાવેલ સામાન્ય શરતો અને બોલીઓ, સહાયના ધોરણો, અરજી કરવાની રીત, અમલીકરણ પદ્ધતિ, વ્યક્તિગત લાભાર્થીલક્ષી સહાયના ઘટકો માટે અમલીકરણની કાર્યપદ્ધતિ તેમજ વ્યક્તિગત લાભાર્થી સિવાયના સહાયના ઘટકો માટે અમલીકરણની કાર્યપદ્ધતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| **અ.નં** | **યોજના અને સદરનું નામ** | **બજેટ જોગવાઈની રકમ (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ૧. | મુખ્યમંત્રી વનબંધુ કૃષિ યાંત્રિકીકરણ યોજના (અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે)<br>**માંગણી નં :** ૯૬<br>**મુખ્ય સદર :** ૨૪૦૧- પાક કૃષિ વ્યવસ્થા<br>**ગૌણ સદર :** ૭૯૬ – આદિજાતિ વિસ્તાર પેટા યોજના<br>**પેટા સદર :** (૦૩) AGR-3 આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના આદિવાસી ખેડૂતોને સહાયિત દરે વધુ ઉત્પાદન આપતી જાતો/હાઇબ્રીડ જાતોના પ્રમાણિત બિયારણો અને રાસાયણિક ખાતરો પુરા પાડવાની યોજના<br>**વિગતવાર સદર:** ૩૧૩૨ – પંચાયતોને અન્ય સંબંધી જનરલ સહાયક અનુદાન | રૂ. ૧૦૦.૦૦ |
| | **કુલ** | **રૂ.૧૦૦.૦૦** |

આ ઠરાવ સરખા ક્રમાંકની ઈ-સરકાર ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૬/૦૫/૨૦૨૬ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવેશ પ્રજાપતિ)
સેક્શન અધિકારી

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ: **પરિશિષ્ટ-૧ થી ૪**

**પ્રતિ,**

(૧)માન. મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
(૨)માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
(૩)અગ્ર સચિવશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી. કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. (જિલ્લા કક્ષાએ નકલો મોકલી આપવાની વિનંતી સહ)
(૫)નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી,અમદાવાદ.
(૬)એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
(૭)ઉપ મહાલેખાકારશ્રી(ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ (ઈ એન્ડ આર એસ ઓડીટ) ગુજરાત, ત્રીજો માળ, ઓડિટ ભવન, અમદાવાદ.
(૮)તમામ સંયુકત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત
(૯)તમામ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત
(૧૦) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગર મારફત
(૧૧)સેકશન અધિકારીશ્રી, બ-૧, નાણા શાખા, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨)સેક્શન અધિકારીશ્રી આઇ.ટી.શાખા (સિસ્ટમ મેનેજરશ્રી મારફત, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩)સિલેકટ ફાઈલ -૨૦૨૬.

## પરિશિષ્ટ-૧

## સામાન્ય શરતો અને બોલીઓ

### મુખ્યમંત્રી વનબંધુ કૃષિ યાંત્રિકીકરણ યોજના (અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે)

૧. આ યોજનાનો અમલ રાજયના અનુસુચિત જનજાતિના રાજ્ય સરકારશ્રીના આદિજાતી વિકાસ વિભાગ દ્વારા નિયત કરેલ ૧૪ જિલ્લાઓના ૫૩ તાલુકાના અનુસુચિત જનજાતિના ખેડૂતોને સહાય આપવા માટે કરવાનો રહેશે.

૨. આ યોજનાનાં નિયંત્રણ અધિકારી ખેતી નિયામક, ગાંધીનગર રહેશે.

૩. આ યોજનાનો અમલ જિલ્લા ખેતીવાડી અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા કરવાનો રહેશે.

૪. જિલ્લા ખેતીવાડી અધિકારીએ તાલુકાવાર-ઘટકવાર લક્ષ્યાંક ફાળવણી કરવાની રહેશે.

૫. i-khedut પોર્ટલ ઉપર ખેડૂતોએ ઓનલાઇન અરજી કરી, પ્રિન્ટઆઉટ મેળવી, સહી/અંગુઠો કરી અરજદાર ખેડૂતે પોતાની પાસે જ રાખવાની રહેશે. અરજી અન્વયે ખરીદી કરવા માટેની પૂર્વમંજુરી આપવામાં આવે અને અરજદાર દ્વારા પૂર્વ મંજુરી મુજબ સાધન/સામગ્રી નિયત સમયમર્યાદામાં નિયમોનુસાર ખરીદ કરી પૂર્વ મંજુરીનાં હુકમમાં દર્શાવેલ તમામ આધાર પુરાવા તથા i-khedut પોર્ટલ પર કરેલ ઓનલાઈન અરજીની સહીવાળી નકલ સાથે સહાય કેસ પેપર સંબંધિત કચેરીએ રજુ કરવાનો રહેશે.

૬. ચાલુ નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળનાં **પરિશિષ્ટ-૨ (અ)** અને **(બ)** માં દર્શાવેલ સમયમર્યાદાને ધ્યાને લઇ લક્ષ્યાંકની મર્યાદામાં લાભ લેવા માંગતાં તમામ ઘટકો માટે વ્યક્તિગત લાભ આપી શકાશે.

૭. **પરિશિષ્ટ-૨ (અ) અને (બ)** માં જણાવ્યાનુસાર વાર્ષિક સમયગાળા સિવાયનાં પ્રત્યેક ઘટક માટે તાલુકા અમલીકરણ અધિકારી/વિસ્તરણ અધિકારી(ખેતી)એ ઘટક વાઇઝ ગામનું નામ, લાભાર્થીનું નામ, ખાતા નંબર, સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વિગેરે વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૮. આ યોજના હેઠળના ઘટકો માટે **પરિશિષ્ટ-૨(અ) અને (બ)** માં દર્શાવેલ કુલ ખર્ચની સહાય ટકાવારી અથવા મહતમ સહાયની રકમ બે માંથી જે ઓછું હોય તે ચૂકવવા પાત્ર રહેશે.

૯. લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટેની અમલીકરણની કાર્યપદ્ધતિ **પરિશિષ્ટ-૪** મુજબ રહેશે.

૧૦. આ યોજનાની ગ્રાન્ટ ખેતી નિયામકએ સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીને ફાળવવાની રહેશે. નવા જિલ્લાઓના ગઠન મુજબની જિલ્લા પંચાયતો કાર્યરત ન થાય ત્યાં સુધી જુના જિલ્લા મુજબ ગ્રાન્ટ ફાળવણી/કામગીરી કરવાની રહેશે.

૧૧. સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીએ/નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામક, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસિડી સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે.

૧૨. **પરિશિષ્ટ ૪** મુજબની કાર્યપધ્ધતિ માટે સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીએ/નોડલ એજન્સીએ સહાયની રકમ ECS(Electronic Clearance Service)/RTGS (Real Time Gross Settlement)/PFMS થી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

૧૩. આ યોજનાના સાધનોની ખરીદી ભારત સરકાર દ્વારા માન્ય કરેલ ટેસ્ટિંગ સંસ્થાઓ દ્વારા ટેસ્ટિંગ થયેલ અને i-khedut પોર્ટલ પર પ્રદર્શિત/રજીસ્ટર થયેલ કંપનીના માન્ય મોડેલ/સાધનની ખરીદી કરવાની રહેશે.

૧૪. આ યોજના હેઠળ **પરિશિષ્ટ-૨(અ) અને (બ)** મુજબના તમામ ઘટકો માટે મહિલા તથા દિવ્યાંગ ખેડૂતોને પ્રાધાન્ય આપવાનું રહેશે.

૧૫. આ યોજનાના અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજીપત્રક અને તેને આનુષંગિક પત્રકો ખેતી નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે તેમજ નાણાકીય વર્ષની સમય મર્યાદામાં યોજના હેઠળના લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે આઇ-ખેડૂત પોર્ટલ સંબંધિત તમામ કામગીરી માટે ખેતી નિયામકને અધિકૃત કરવામાં આવે છે.

૧૬. આ યોજનાના તમામ ઘટકોનું અમલીકરણ ખેતી નિયામક/સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ અનુસાર કરવાનું રહેશે.

૧૭. સદર યોજનાનું અમલીકરણ i-khedut 2.0 માં જણાવેલ પદ્ધતિ મુજબ કરવાનું રહેશે.

૧૮. ખેડૂતોને સબસીડી માટે આપવાના થતાં સાધનમાં ભારત સરકારશ્રીના સાધનો માટે માન્ય ટેસ્ટીંગ સેન્ટરમાં ટેસ્ટીંગ થયેલ ખેત ઓજાર/સાધન મુજબનું જ ખેડૂતને મળે તે **મેન્યુફેક્ચરર/ડીલર એ** જોવાનું રહેશે અને ખરીદી કરનાર ખેડૂતોને સબસીડી માન્ય ખેત ઓજાર/સાધન બાબતે ખેડુતો દ્વારા માંગણી કર્યેથી જરૂરી વિગતો જેવી કે ટેસ્ટ રીપોર્ટ આપવાના રહેશે.

૧૯. ખેત ઓજાર/સાધનની ખરાઇ બાબતે ભારત સરકાર દ્વારા માન્ય કરેલ ટેસ્ટિંગ સંસ્થાઓ દ્વારા ટેસ્ટિંગ થયેલ અને i-khedut પોર્ટલ પર પ્રદર્શિત/રજીસ્ટર થયેલ કંપનીના માન્ય મોડેલ/સાધન હોય તે જ સહાયને પાત્ર રહેશે.

૨૦. કૃષિ કાર્યો સાથે સંકળાયેલ અને આ વિસ્તારના જિલ્લાના તાલુકામાં નોંધાયેલ/રજીસ્ટર થયેલ પ્રાઈમરી એગ્રીકલ્ચરલ કો-ઓપેરેટિવ સોસાયટી (PACS), ફાર્મરગ્રૂપ, ફાર્મર પ્રોડ્યુસર કંપની/ઓર્ગેનાઈઝેશન, ખેડૂત સભ્યો ધરાવતી સહકારી સંસ્થા, સખી મંડળ અને સેલ્ફ હેલ્પ ગ્રુપને સર્વિસ પ્રોવાઈડર તરીકે લાભ આપી શકાશે. સર્વિસ પ્રોવાઈડર માટે મળેલ અરજીઓ પૈકી અનુસૂચિત જનજાતિના ખેડૂતો દ્વારા સંચાલિત સંસ્થાને અગ્રતા આપવાની રહેશે. આ માટેની અમલીકરણ કાર્યપદ્ધતિ અને સહાયની શરતો **પરિશિષ્ટ-૩** મુજબ રહેશે.

૨૧. યોજનામાં નાણાંકીય વર્ષ દરમિયાન ખેતઓજાર/સાધનની ખરીદી કરેલ હોય અને પૂર્વ મંજૂરી મળે તેવા ખેડૂતોને પણ લાભ મળવાપાત્ર રહેશે.

| **પરિશિષ્ટ- ૨ (અ)** | | | | |
|---|---|---|---|---|
| **વ્યક્તિગત ખેડૂતો માટે સહાયના ધોરણો** | | | | |
| **અનુ.** | **ઘટકનું નામ** | **અનુ. જનજાતિ વર્ગના ખેડૂતો માટે** | | **ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમયમર્યાદા (વર્ષ)** |
| | | **મહતમ સહાયની રકમ (રૂ.લાખ માં)** | **સહાયની ટકાવારી (%)** | |
| ૧ | પાવર વીડર (એન્જીન ઓપરેટેડ ૨ એચ.પી.થી નીચે) | ૦.૩૦ | ૬૦ | ૧૦ |
| ૨ | પાવરવીડર (એન્જીન ઓપરેટેડ ૨ એચ.પી.થી ૫ એચ.પી. નીચે) | ૦.૪૦ | ૬૦ | ૧૦ |
| **સ્પેશીયલાઈઝ સેલ્ફ પ્રોપેલ્ડ મશીનરી** | | | | |
| ૩ | પોસ્ટ હોલ ડીગર / અગર | ૦.૨૦ | ૬૦ | ૧૦ |
| **ટ્રેક્ટર / પાવર ટીલર (૨૦ બી.એચ.પી.સુધી) થી ચાલતા ખેત ઓજાર/સાધનો** | | | | |
| ૪ | એમ.બી. પ્લાઉ (૧ બોટમ) | ૦.૨૨ | ૬૦ | ૭ |
| ૫ | એમ.બી. પ્લાઉ રીવર્સીબલ (૧ બોટમ) | ૦.૨૫ | ૬૦ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | ડીસ્ક પ્લાઉ | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૭ | કલ્ટીવેટર | ૦.૨૦ | ૬૦ | ૭ |
| ૮ | હેરો | ૦.૧૫ | ૬૦ | ૭ |
| ૯ | લેવલર બ્લેડ | ૦.૧૬ | ૬૦ | ૭ |
| ૧૦ | કેજ વ્હીલ | ૦.૧૫ | ૬૦ | ૭ |
| ૧૧ | ફરો ઓપનર | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૧૨ | રીઝર | ૦.૨૦ | ૬૦ | ૭ |
| ૧૩ | વીડ સ્લેશર | ૦.૨૦ | ૬૦ | ૭ |
| ૧૪ | બંડ ફોર્મર | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૧૫ | ક્રસ્ટ બ્રેકર | ૦.૧૦ | ૬૦ | ૭ |
| ૧૬ | રોટોપડલર | ૦.૧૩ | ૬૦ | ૭ |
| ૧૭ | રોટોકલ્ટીવેટર | ૦.૪૪ | ૬૦ | ૭ |
| ૧૮ | પાવર હેરો | ૦.૪૫ | ૬૦ | ૭ |
| ૧૯ | રોટાવેટર ૪ ફીટ સુધીના | ૦.૪૫ | ૬૦ | ૭ |
| ૨૦ | ચીજલપ્લાઉ | ૦.૧૫ | ૬૦ | ૭ |
| ૨૧ | પોસ્ટહોલ ડીગર | ૦.૪૦ | ૬૦ | ૭ |
| ૨૨ | પોટેટો પ્લાંટર | ૦.૩૩ | ૬૦ | ૭ |
| ૨૩ | પોટેટો ડીગર | ૦.૩૦ | ૬૦ | ૭ |
| ૨૪ | ગ્રાઉંડનટ ડીગર | ૦.૧૮ | ૬૦ | ૭ |
| ૨૫ | ટ્રેકટર ડ્રોઅન ક્રોપ રીપર/ રીપર કમ બાઈંડર | ૦.૩૩ | ૬૦ | ૭ |
| ૨૬ | ઓનીયન હાર્વેસ્ટર | ૦.૩૩ | ૬૦ | ૭ |
| ૨૭ | રાઈસસ્ટ્રો ચોપર | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૨૮ | રેઈઝ બેડ પ્લાંટર | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૨૯ | સુગરકેન કટર/સ્ટ્રીપર પ્લાંટર (૫ ટાઈન્સ સુધીના) | ૦.૩૩ | ૬૦ | ૭ |
| ૩૦ | મલ્ટીક્રોપ પ્લાંટર (૫ ટાઈન્સ સુધીના) | ૦.૨૮ | ૬૦ | ૭ |
| ૩૧ | રીઝ ફરો પ્લાંટર | ૦.૨૩ | ૬૦ | ૭ |
| ૩૨ | પ્લાસ્ટીક મલ્ચ લીઈંગ મશીન | ૦.૨૩ | ૬૦ | ૭ |
| ૩૩ | રેઈઝ બેડપ્લાંટર વીથ ઈનકલાઈનેડ પ્લેટ પ્લાંટર એન્ડ શેપર અટેચમેંટ (૫–૭ ટાઈન્સ) | ૦.૪૩ | ૬૦ | ૭ |
| ૩૪ | સીડડ્રીલ/સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ (૫ ટાઈન્સ સુધીના) એક્વા ફર્ટી સીડ ડ્રીલ (૫–૭ ટાઈન્સ) | ૦.૧૭ | ૬૦ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૫ | સુગરકેન ટ્રેસ કટર; સ્ટ્રો રીપર | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૩૬ | ગ્રાઉંડનટપોડ સ્ટ્રીપર | ૦.૪૦ | ૬૦ | ૭ |
| ૩૭ | થ્રેસર | ૦.૩૮ | ૬૦ | ૭ |
| ૩૮ | મલ્ટી ક્રોપ થ્રેસર | ૦.૪૦ | ૬૦ | ૭ |
| ૩૯ | પેડી થ્રેસર | ૦.૩૮ | ૬૦ | ૭ |
| ૪૦ | બ્રસ કટર | ૦.૨૦ | ૬૦ | ૭ |
| ૪૧ | મેઈઝ શેલર | ૦.૩૩ | ૬૦ | ૭ |
| ૪૨ | વિનોવીંગફેન; મુવર; મુવર શ્રેડર (ઓલપરપોઝ/ ઓલ ક્રોપ) | ૦.૩૦ | ૬૦ | ૭ |
| **ટ્રેકટર / પાવર ટીલર (૨૦ થી વધુ અને ૩૫ બી.એચ.પી.સુધી) થી ચાલતા ખેત ઓજાર/સાધનો** | | | | |
| ૪૩ | એમ.બી. પ્લાઉ (૧ બોટમ); એમ.બી. પ્લાઉ રીવર્સીબલ (૧ બોટમ) | ૦.૩૫ | ૬૦ | ૭ |
| ૪૪ | ડીસ્ક પ્લાઉ | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૪૫ | કલ્ટીવેટર | ૦.૧૮ | ૬૦ | ૭ |
| ૪૬ | હેરો | ૦.૨૮ | ૬૦ | ૭ |
| ૪૭ | લેવલર બ્લેડ | ૦.૧૮ | ૬૦ | ૭ |
| ૪૮ | કેજ વ્હીલ | ૦.૧૮ | ૬૦ | ૭ |
| ૪૯ | રીઝર | ૦.૧૫ | ૬૦ | ૭ |
| ૫૦ | વીડ સ્લેશર | ૦.૨૩ | ૬૦ | ૭ |
| ૫૧ | ફરો ઓપનર | ૦.૧૮ | ૬૦ | ૭ |
| ૫૨ | બંડ ફોર્મર | ૦.૧૩ | ૬૦ | ૭ |
| ૫૩ | ક્રસ્ટબ્રેકર | ૦.૧૩ | ૬૦ | ૭ |
| ૫૪ | રોટો કલ્ટીવેટર | ૦.૪૩ | ૬૦ | ૭ |
| ૫૫ | રોટાવેટર (૪ થી વધુ અને ૫ ફીટ સુધીના) | ૦.૪૬ | ૬૦ | ૭ |
| ૫૬ | ચીજલ પ્લાઉ | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૫૭ | એમ.બી. પ્લાઉ (૨ બોટમ સુધી) રીવર્સીબલ મીકેનીકલ | ૦.૪૦ | ૬૦ | ૭ |
| ૫૮ | પોસ્ટહોલ ડીગર | ૦.૪૪ | ૬૦ | ૭ |
| ૫૯ | મલ્ટી ક્રોપ પ્લાંટર | ૦.૫૦ | ૬૦ | ૭ |
| ૬૦ | રીઝ ફરો પ્લાંટર | ૦.૪૫ | ૬૦ | ૭ |
| ૬૧ | સીડ ડ્રીલ(૫ થી વધુ અને ૭ ટાઈન્સ સુધી); ઝીરો– ટીલ– ડ્રીલ મલ્ટી ક્રોપ(૫ થી વધુ અને ૭ ટાઈન્સ | ૦.૨૩ | ૬૦ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| | સુધી); સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ (૫ થી વધુ અને ૭ ટાઈન્સ સુધી) | | | |
| ૬૨ | પ્લાસ્ટીક મલ્ચ લેઈંગ મશીન | ૦.૫૦ | ૬૦ | ૭ |
| ૬૩ | સુગરકેન ટ્રેસ કટર | ૦.૫૦ | ૬૦ | ૭ |
| ૬૪ | ગ્રાઉંડનટપોડ સ્ટ્રીપર | ૦.૫૦ | ૬૦ | ૭ |
| ૬૫ | બ્રસ કટર | ૦.૪૪ | ૬૦ | ૭ |
| ૬૬ | મુવર | ૦.૪૦ | ૬૦ | ૭ |
| **ટ્રેકટર / પાવર ટીલર (૩૫ બી.એચ.પી.થી વધુ) થી ચાલતા ખેત ઓજાર/સાધનો** | | | | |
| ૬૭ | એમ.બી. પ્લાઉ; ડીસ્ક પ્લાઉ; હેરો | ૦.૫૦ | ૬૦ | ૭ |
| ૬૮ | કલ્ટીવેટર | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૬૯ | કેજ વ્હીલ | ૦.૨૦ | ૬૦ | ૭ |
| ૭૦ | ફરો ઓપનર; રીઝર | ૦.૩૩ | ૬૦ | ૭ |
| ૭૧ | રીવર્સીબલ મીકેનીકલ એમ.બી. પ્લાઉ (૨ બોટમ સુધી) | ૦.૩૬ | ૬૦ | ૭ |
| ૭૨ | રીવર્સીબલ મીકેનીકલ એમ.બી. પ્લાઉ (૩ બોટમ) | ૦.૫૦ | ૬૦ | ૭ |
| ૭૩ | સબ-સોઈલર (૧ બોટમ) | ૦.૧૭૫ | ૬૦ | ૭ |
| ૭૪ | સબ-સોઈલર (૨ બોટમ) | ૦.૩૦ | ૬૦ | ૭ |
| ૭૫ | બંડફોર્મર | ૦.૩૦ | ૬૦ | ૭ |
| ૭૬ | સીડ ડ્રીલ/ ઝીરો ટીલ સીડ ડ્રીલ /સીડકમ ફર્ટીલાઈઝર ડ્રીલ / ઝીરો ટીલ સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ (૭ થી વધુ અને ૯ ટાઈન્સ સુધી) | ૦.૨૫ | ૬૦ | ૭ |
| ૭૭ | સીડ ડ્રીલ/ ઝીરો ટીલ સીડ ડ્રીલ / સીડકમ ફર્ટીલાઈઝર ડ્રીલ / ઝીરો ટીલ સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ(૯ થી વધુ અને ૧૧ ટાઈન્સ સુધી) | ૦.૨૬ | ૬૦ | ૭ |
| ૭૮ | સીડ ડ્રીલ/ ઝીરો ટીલ સીડ ડ્રીલ / સીડકમ ફર્ટીલાઈઝર ડ્રીલ / ઝીરો ટીલ સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ(૧૧ થી વધુ અને ૧૩ ટાઈન્સ સુધી) | ૦.૨૮ | ૬૦ | ૭ |
| ૭૯ | સીડ ડ્રીલ/ ઝીરો ટીલ સીડ ડ્રીલ / સીડકમ ફર્ટીલાઈઝર ડ્રીલ / ઝીરો ટીલ સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ (૧૩ થી વધુ અને ૧૫ ટાઈન્સ સુધી) | ૦.૩૦ | ૬૦ | ૭ |
| ૮૦ | ગ્રાઉંડનટ ડીગર | ૦.૪૫ | ૬૦ | ૭ |
| ૮૧ | ફર્ટીલાઈઝર સ્પ્રેડર – પી.ટી.ઓ. ઓપરેટેડ | ૦.૪૦ | ૬૦ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮૨ | પ્લાસ્ટીક મલ્ચ લેઈંગ મશીન | ૦.૫૦ | ૬૦ | ૭ |
| **પાક સંરક્ષણ સાધનો** | | | | |
| ૮૩ | પાવર સંચાલિત નેપસેક પમ્પ / પાવર સંચાલિત સ્પ્રેયર (૮ થી ૧૨ લીટર કેપેસીટી) ( ૦.૭૫ એચ.પી. કે તેથી નાના એન્જીન) | 0.03 | ૬૦ | ૫ |
| ૮૪ | પાવર સંચાલિત નેપસેક પમ્પ/પાવર સંચાલિત સ્પ્રેયર(૧૨ થી વધુ અને ૧૬ લીટર કેપેસીટી) (૦.૭૫ થી ૧.૦૦ એચ.પી.એન્જીન) | ૦.૦૪ | ૬૦ | ૫ |
| ૮૫ | પાવર સંચાલિત નેપસેક પમ્પ / પાવર સંચાલિત સ્પ્રેયર (૧૬ થી વધુ લીટર કેપેસીટી) (૦.૭૫ થી ૧.૦૦ એચ.પી.એન્જીન) | ૦.૧૦ | ૬૦ | ૫ |
| ૮૬ | પાવર સંચાલિત નેપસેક મીસ્ટ બ્લોવર સ્પ્રેયર કમ ડસ્ટર (૧.૦૦ એચ.પી.થી મોટા એન્જીન) | ૦.૧૦ | ૬૦ | ૫ |
| ૮૭ | ટ્રેક્ટર ઓપરેટેડ સ્પ્રેયર(બૂમ ટાઈપ) | ૦.૪૧ | ૬૦ | ૫ |
| **માનવ સંચાલિત સાધનો** | | | | |
| ૮૮ | વ્હીલ હો(આંતર ખેડનું સાધન) | ૦.૦૧૨ | ૬૦ | ૫ |
| ૮૯ | સાઇથ(કાપણીનું સાધન) | ૦.030 | ૬૦ | ૫ |
| **પશુ સંચાલિત સાધનો** | | | | |
| ૯૦ | મલ્ટી પરપઝ સાંતી (ઇમ્પ્લીમેન્ટ) વાવણીયા સાથે | ૦.૧૦ | ૬૦ | ૫ |

<u>પરિશિષ્ટ- ૨ (બ)</u>

| સર્વિસ પ્રોવાઇડર યુનિટમા સમાવિષ્ટ કરવા માટેના સાધનોની યાદી | | | | ઘટકના પુનઃ લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા (વર્ષ) |
|---|---|---|---|---|
| અનુ. | ઘટકનું નામ | અનુ. જનજાતિ વર્ગના ખેડૂતો માટે | | |
| | | મહતમ સહાયની રકમ (રૂ.લાખ માં) | સહાય ની ટકા વારી (%) | |
| ૧ | પાવરટીલર (૮ બ્રેક હોર્સ પાવરથી નીચે) | ૦.૬૫ | ૬૦ | ૧૦ |
| ૨ | પાવરટીલર (૮ બ્રેક હોર્સ પાવરથી ૧૧ બ્રેક હોર્સ પાવર સુધી) | ૧.૦૦ | ૬૦ | ૧૦ |
| ૩ | પાવરટીલર (૧૧ બ્રેક હોર્સ પાવરથી ઉપર) | ૧.૨૦ | ૬૦ | ૧૦ |
| ૪ | સેલ્ફ પ્રોપેલ્ડ રાઈસ ટ્રાંસપ્લાંટર (૪ હાર) | ૧.૭૦ | ૬૦ | ૧૦ |
| ૫ | સેલ્ફ પ્રોપેલ્ડ રાઈસ ટ્રાંસપ્લાંટર (૪ થી વધુ અને ૮ હાર) | ૬.૦૦ | ૬૦ | ૧૦ |
| ૬ | સેલ્ફ પ્રોપેલ્ડ રાઈસ ટ્રાંસપ્લાંટર (૮ થી વધુ અને ૧૬ હાર) | ૮.૬૦ | ૬૦ | ૧૦ |
| ૭ | સેલ્ફ પ્રોપેલ્ડ રીપર કમ બાઈંડર (૩ વ્હીલ) | ૧.૯૦ | ૬૦ | ૧૦ |
| ૮ | સેલ્ફ પ્રોપેલ્ડ રીપર કમ બાઈંડર (૪ વ્હીલ) | ૨.૭૫ | ૬૦ | ૧૦ |
| ૯ | પાવરવીડર (એન્જીન ઓપરેટેડ ૫ એચ.પી.થી ૭.૫ એચ.પી. નીચે) | ૦.૭૫ | ૬૦ | ૧૦ |
| ૧૦ | પાવરવીડર (એન્જીન ઓપરેટેડ ૭.૫ એચ.પી. અને તેથી વધુ) | ૦.૮૫ | ૬૦ | ૧૦ |
| **સ્પેશીયલાઈઝ સેલ્ફ પ્રોપેલ્ડ મશીનરી** | | | | |
| ૧૧ | ક્રોપ રીપર | ૦.૮૫ | ૬૦ | ૧૦ |
| ૧૨ | ન્યુમેટીક / અન્ય પ્લાંટર | ૧.૨૫ | ૬૦ | ૧૦ |
| ૧૩ | ઈલેક્ટ્રિક ટીલર / વીડર | ૦.૬૩ | ૬૦ | ૧૦ |
| **ટ્રેકટર / પાવર ટીલર (૨૦ બી.એચ.પી.સુધી) થી ચાલતા ખેત ઓજાર/સાધનો** | | | | |
| ૧૪ | સ્ટ્રીપ ટીલ ડ્રીલ (૫ ટાઈન્સ સુધીના) | ૦.૬૦ | ૬૦ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ન્યુમેટીક પ્લાંટર; ન્યુમેટીક વેજીટેબલ ટ્રાંસપ્લાંટર; ન્યુમેટીક વેજીટેબલ સીડર | ૦.૭૫ | ૬૦ | ૭ |
| **ટ્રેક્ટર / પાવર ટીલર (૨૦ થી વધુ અને ૩૫ બી.એચ.પી.સુધી) થી ચાલતા ખેત ઓજાર/સાધનો** | | | | |
| ૧૬ | રોટોપડલર | ૦.૬૩ | ૬૦ | ૭ |
| ૧૭ | પાવર હેરો | ૦.૬૩ | ૬૦ | ૭ |
| ૧૮ | એમ.બી. પ્લાઉ (૨ બોટમ સુધી) રીવર્સીબલ હાઈડ્રોલિક | ૦.૭૧ | ૬૦ | ૭ |
| ૧૯ | લેસરલેંડ લેવલર | ૨.૦૦ | ૬૦ | ૭ |
| ૨૦ | પોટેટો પ્લાંટર | ૦.૭૦ | ૬૦ | ૭ |
| ૨૧ | પોટેટો ડીગર | ૦.૬૫ | ૬૦ | ૭ |
| ૨૨ | ગ્રાઉંડનટ ડીગર | ૦.૭૦ | ૬૦ | ૭ |
| ૨૩ | ક્રોપ રીપર | ૦.૮૦ | ૬૦ | ૭ |
| ૨૪ | ઓનીયન હાર્વેસ્ટર | ૦.૭૫ | ૬૦ | ૭ |
| ૨૫ | રેઈઝ બેડ પ્લાંટર | ૦.૭૦ | ૬૦ | ૭ |
| ૨૬ | સુગર કેન કટર/સ્ટ્રીપર | ૦.૭૦ | ૬૦ | ૭ |
| ૨૭ | ન્યુમેટીક પ્લાંટર | ૨.૦૦ | ૬૦ | ૭ |
| ૨૮ | ન્યુમેટીક વેજીટેબલ ટ્રાંસપ્લાંટર | ૨.૦૦ | ૬૦ | ૭ |
| ૨૯ | ન્યુમેટીક વેજીટેબલ સીડર | ૨.૦૦ | ૬૦ | ૭ |
| ૩૦ | એકવા ફર્ટી સીડ ડ્રીલ (૯ ટાઈન્સ) | ૦.૭૫ | ૬૦ | ૭ |
| ૩૧ | રેઈઝ બેડ પ્લાંટર વીથ ઇનકલાઇનેડ પ્લેટ પ્લાં ટર એન્ડ શેપર અટેચમેંટ | ૦.૮૩ | ૬૦ | ૭ |
| ૩૨ | રેક | ૧.૧૦ | ૬૦ | ૭ |
| ૩૩ | સ્ટ્રો રીપર | ૦.૭૫ | ૬૦ | ૭ |
| ૩૪ | બેલર (રાઉન્ડ) ૧૬ કિગ્રા/બેલ સુધી | ૨.૨૦ | ૬૦ | ૭ |
| ૩૫ | બેલર (રાઉન્ડ) ૧૬ અને તેથી વધુ કિગ્રા/બેલ | ૨.૪૦ | ૬૦ | ૭ |
| ૩૬ | ફીડબ્લોક મશીન | ૧.૫૦ | ૬૦ | ૭ |
| ૩૭ | સ્ટ્રો ચોપર/શ્રેડર/મલ્ચર માઉંટેડ ટાઇપ (૫ ફીટ સુધીના) | ૦.૭૨૫ | ૬૦ | ૭ |
| ૩૮ | થ્રેસર | ૧.૦૦ | ૬૦ | ૭ |
| ૩૯ | મલ્ટી ક્રોપથ્રેસર | ૧.૨૫ | ૬૦ | ૭ |
| ૪૦ | પેડી થ્રેસર | ૧.૦૦ | ૬૦ | ૭ |
| ૪૧ | મેઈઝ શેલર | ૧.૦૦ | ૬૦ | ૭ |
| ૪૨ | મુવર શ્રેડર (ઓલ પરપોઝ/ ઓલક્રોપ) | ૦.૭૫ | ૬૦ | ૭ |

(૯)

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩ | ક્રોપરીપર કમ બાઈંડર (ટ્રેક્ટર સંચાલીત) | ૧.૨૫ | ૬૦ | ૭ |
| **ટ્રેક્ટર / પાવર ટીલર (૩૫ બી.એચ.પી.થી વધુ) થી ચાલતા ખેત ઓજાર/સાધનો** | | | | |
| ૪૪ | લેવલર બ્લેડ | ૦.૭૦ | ૬૦ | ૭ |
| ૪૫ | લેસરલેંડ લેવલર ૬ ફીટ સુધીના | ૧.૩૫ | ૬૦ | ૭ |
| ૪૬ | લેસરલેંડ લેવલર (૬ ફીટથી વધુ અને ૭ ફીટ સુધીના) | ૧.૪૦ | ૬૦ | ૭ |
| ૪૭ | લેસરલેંડ લેવલર (૭ ફીટથી વધુ અને ૮ ફીટ સુધીના) | ૧.૪૫ | ૬૦ | ૭ |
| ૪૮ | લેસરલેંડ લેવલર (૮ ફીટથી વધુ અને ૯ ફીટ સુધીના) | ૧.૬૦ | ૬૦ | ૭ |
| ૪૯ | લેસરલેંડ લેવલર (૯ ફીટથી વધુ અને ૧૦ ફીટ સુધીના) | ૧.૭૦ | ૬૦ | ૭ |
| ૫૦ | રોટાવેટર (૫ થી વધુ અને ૬ ફીટ સુધીના) | ૦.૬૦ | ૬૦ | ૭ |
| ૫૧ | રોટાવેટર (૬ થી વધુ અને ૭ ફીટ સુધીના) | ૦.૭૦ | ૬૦ | ૭ |
| ૫૨ | રોટાવેટર (૭ થી વધુ અને ૮ ફીટ સુધીના) | ૦.૭૩ | ૬૦ | ૭ |
| ૫૩ | રોટાવેટર (૮ થી વધુ અને ૯ ફીટ સુધીના) | ૦.૮૫ | ૬૦ | ૭ |
| ૫૪ | રોટાવેટર (૯ થી વધુ અને ૧૦ ફીટ સુધીના) | ૦.૯૫ | ૬૦ | ૭ |
| ૫૫ | રોટો-પડલર | ૧.૦૦ | ૬૦ | ૭ |
| ૫૬ | રીવર્સીબલ હાઈડ્રોલીક એમ.બી. પ્લાઉ (૨ બોટમ સુધી) | ૦.૭૦૫ | ૬૦ | ૭ |
| ૫૭ | રીવર્સીબલ હાઈડ્રોલીક એમ.બી. પ્લાઉ (૩ બોટમ) | ૦.૯૧૫ | ૬૦ | ૭ |
| ૫૮ | રીવર્સીબલ હાઈડ્રોલીક એમ.બી. પ્લાઉ (૪ બોટમ) | ૧.૨૫ | ૬૦ | ૭ |
| ૫૯ | સબ-સોઈલર (૩ બોટમ) | ૦.૫૫ | ૬૦ | ૭ |
| ૬૦ | સબ-સોઈલર (૪ બોટમ) | ૦.૭૫ | ૬૦ | ૭ |
| ૬૧ | ટ્રેંચમેકર્સ (પી.ટી.ઓ. ઓપરેટેડ) | ૨.૦૦ | ૬૦ | ૭ |
| ૬૨ | બંડ ફોર્મર (પી.ટી.ઓ. ઓપરેટેડ) | ૧.૫૦ | ૬૦ | ૭ |
| ૬૩ | રોટોકલ્ટીવેટર | ૧.૦૦ | ૬૦ | ૭ |
| ૬૪ | પાવર હેરો (પી.ટી.ઓ. ઓપરેટેડ) | ૧.૩૫ | ૬૦ | ૭ |
| ૬૫ | રેઈઝબેડ પ્લાંટર | ૦.૫૫ | ૬૦ | ૭ |
| ૬૬ | પોટેટો ડીગર; ટ્રેક્ટરડ્રોઅન ક્રોપ રીપર | ૦.૭૫ | ૬૦ | ૭ |
| ૬૭ | ઓનીયન હાર્વેસ્ટર | ૦.૮૦ | ૬૦ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૮ | પોસ્ટહોલ ડીગર; પોટેટો પ્લાંટર ઓટોમેટિક; સુગરકેન કટર/સ્ટ્રીપર /પ્લાંટર; રીઝ ફરો પ્લાંટર | ૦.૭૫ | ૬૦ | ૭ |
| ૬૯ | મલ્ટી ક્રોપ પ્લાંટર ( ૯ કે તેથી વધુ ટાઈન્સ) | ૦.૯૦ | ૬૦ | ૭ |
| ૭૦ | ઝીરો-<br>ટીલ મલ્ટી ક્રોપપ્લાંટર (૯ કે તેથી વધુ ટાઈન્સ) | ૦.૫૩ | ૬૦ | ૭ |
| ૭૧ | હેપ્પી / ટર્બો સીડર (૯ ટાઈન્સ) | ૦.૮૧૪ | ૬૦ | ૭ |
| ૭૨ | હેપ્પી / ટર્બો સીડર (૧૦ ટાઈન્સ) | ૦.૮૪૨ | ૬૦ | ૭ |
| ૭૩ | હેપ્પી / ટર્બો સીડર (૧૧ ટાઈન્સ) | ૦.૮૬૪ | ૬૦ | ૭ |
| ૭૪ | હેપ્પી / ટર્બો સીડર (૧૨ ટાઈન્સ) | ૦.૯૦૨ | ૬૦ | ૭ |
| ૭૫ | ન્યુમેટીક<br>પ્લાંટર; ન્યુમેટીક વેજીટેબલ ટ્રાંસપ્લાંટર; ન્યુમેટીક વેજીટેબલ સીડર | ૨.૨૫ | ૬૦ | ૭ |
| ૭૬ | મેન્યુરસ્પ્રેડર | ૧.૫૦ | ૬૦ | ૭ |
| ૭૭ | ઓટોમેટીક રાઈસ નર્સરી સોવીંગ મશીનરી | ૧.૭૫ | ૬૦ | ૭ |
| ૭૮ | એકવાફર્ટી સીડ ડ્રીલ (૯ કે તેથી વધુ ટાઈન્સ) | ૦.૭૫ | ૬૦ | ૭ |
| ૭૯ | રેઈઝ બેડ પ્લાંટર વીથ ઈનકલાઈનેડ પ્લેટપ્લાંટર એન્ડ શેપર અટેચમેંટ | ૦.૬૦ | ૬૦ | ૭ |
| ૮૦ | વીડર (પી.ટી.ઓ. ઓપરેટેડ) | ૦.૮૩ | ૬૦ | ૭ |
| ૮૧ | ગ્રાઉંડનટપોડ સ્ટ્રીપર | ૧.૦૦ | ૬૦ | ૭ |
| ૮૨ | થ્રેસર / મલ્ટી ક્રોપ થ્રેસર ૪ ટન/કલાક કેપેસીટી સુધીના | ૧.૨૫ | ૬૦ | ૭ |
| ૮૩ | પેડીથ્રેસર | ૧.૪૦ | ૬૦ | ૭ |
| ૮૪ | મેઈઝ શેલર | ૧.૧૦ | ૬૦ | ૭ |
| ૮૫ | ક્રોપ રીપર કમ બાઈંડર ટ્રેક્ટર સંચાલીત | ૧.૫૦ | ૬૦ | ૭ |
| ૮૬ | થ્રેશર / મલ્ટી ક્રોપ થ્રેશર ૪ ટન/કલાકથી વધુ કેપેસીટી | ૨.૨૫ | ૬૦ | ૭ |
| ૮૭ | મુવર શ્રેડર ઓલ પરપોઝ/ ઓલ ક્રોપ | ૧.૨૫ | ૬૦ | ૭ |
| ૮૮ | સુગરકેન ટ્રેસ કટર | ૧.૩૮ | ૬૦ | ૭ |
| ૮૯ | હે રેક (૬ આર્મ) | ૧.૬૫ | ૬૦ | ૭ |
| ૯૦ | હે રેક (૯ આર્મ) | ૨.૦૦ | ૬૦ | ૭ |
| ૯૧ | હે રેક (૧૧ આર્મ) | ૨.૩૮ | ૬૦ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯૨ | બેલર (રાઉંડ) ૧૬ કીલોગ્રામ/ બેલ સુધીના | ૨.૦૦ | ૬૦ | ૭ |
| ૯૩ | બેલર (રાઉંડ) ૧૬–૪૦ કીલોગ્રામ/ બેલ સુધીના | ૨.૩૯૫ | ૬૦ | ૭ |
| ૯૪ | બેલર (રાઉંડ) ૧૮૦–૫૦૦ કીલોગ્રામ/ બેલ સુધીના | ૯.૯૦ | ૬૦ | ૭ |
| ૯૫ | બેલર (રેક્ટેંગુલર) ૨૦ કીલોગ્રામ/ બેલ સુધીના | ૬.૬૦ | ૬૦ | ૭ |
| ૯૬ | સુગરકેન રટુન મેનેજર | ૧.૨૫ | ૬૦ | ૭ |
| ૯૭ | કોટન સ્ટોલ્ક અપરુટર | ૦.૭૫ | ૬૦ | ૭ |
| ૯૮ | સ્ટ્રો રીપર | ૧.૫૦ | ૬૦ | ૭ |
| ૯૯ | સ્ટબલ શેવર | ૦.૮૮ | ૬૦ | ૭ |
| ૧૦૦ | સ્ટ્રોચોપર/ શ્રેડર/ મલ્ચર માઉન્ટેડ ટાઈપ (૫ ફીટ સુધીના) | ૦.૭૨૫ | ૬૦ | ૭ |
| ૧૦૧ | સ્ટ્રોચોપર/ શ્રેડર/ મલ્ચર માઉન્ટેડ ટાઈપ (૫ થી વધુ અને ૬ ફીટ સુધીના) | ૦.૮૫૮ | ૬૦ | ૭ |
| ૧૦૨ | સ્ટ્રોચોપર/ શ્રેડર/ મલ્ચર માઉન્ટેડ ટાઈપ (૬ થી વધુ અને ૭ ફીટ સુધીના) | ૦.૯૦૨ | ૬૦ | ૭ |
| ૧૦૩ | સ્ટ્રોચોપર/ શ્રેડર/ મલ્ચર માઉન્ટેડ ટાઈપ (૭ થી વધુ અને ૮ ફીટ સુધીના) | ૦.૯૫૭ | ૬૦ | ૭ |
| ૧૦૪ | સ્ટ્રોચોપર/ શ્રેડર/ મલ્ચર ટ્રેઈલેડ ટાઈપ | ૧.૪૭૧ | ૬૦ | ૭ |
| ૧૦૫ | સ્ટ્રોચોપર/ શ્રેડર/ મલ્ચર કોમ્બો ટાઈપ | ૨.૦૦ | ૬૦ | ૭ |
| ૧૦૬ | સુપરસ્ટ્રો મેનેજમેંટ સીસ્ટમ (અટેચડ વીથ કમ્બાઇન હાર્વેસ્ટર) | ૦.૫૯૭ | ૬૦ | ૭ |
| ૧૦૭ | કમ્બાઈન હાર્વેસ્ટર (સેલ્ફ પ્રોપેલેડ) | ૯.૬૦ | ૬૦ | ૭ |
| ૧૦૮ | કમ્બાઈન હાર્વેસ્ટર (ટ્રેકટર ઓપરેટેડ) | ૩.૬૦ | ૬૦ | ૭ |
| ૧૦૯ | કમ્બાઈન હાર્વેસ્ટર ટ્રેક (૬ ફીટ કટર બારથી નીચે) | ૮.૪૦ | ૬૦ | ૭ |
| ૧૧૦ | કમ્બાઈન હાર્વેસ્ટર ટ્રેક (૬ અને તેથી વધુ ફીટ કટર બાર) | ૧૨.૫૦ | ૬૦ | ૭ |
| **પાક સંરક્ષણ સાધનો** | | | | |
| ૧૧૧ | ટ્રેકટર ઓપરેટેડ સ્પ્રેયર(એર કેરીયર/આસીસ્ટેડ) | ૧.૩૮ | ૬૦ | ૫ |
| ૧૧૨ | ટ્રેકટર ઓપરેટેડ ઈલેક્ટ્રો સ્ટેટીક સ્પ્રેયર. | ૨.૫૦ | ૬૦ | ૫ |

<u>પરિશિષ્ટ–૩</u>

## મુખ્યમંત્રી વનબંધુ કૃષિ યાંત્રિકીકરણ યોજના (અનુસૂચિત જનજાતિ ખેડૂતો માટે)

## સર્વિસ પ્રોવાઈડર માટેની અમલીકરણ કાર્યપદ્ધતિ

(૧) યોજનાનો હેતુ:

અનુસૂચિત જનજાતિ ખેડૂતોને ન્યુનત્તમ ભાડા દરથી જુદા–જુદા ખેતી કાર્યો કરવા માટે સ્થાનિક ખેત ઓજાર/સાધનો **મુખ્યમંત્રી વનબંધુ કૃષિ યાંત્રિકીકરણ યોજના** દ્વારા ઉપલબ્ધ થઇ શકશે. તદ્ઉપરાંત મોટા અને મોંઘા આધુનિક ખેતોપયોગી સાધનો દ્વારા રાજ્યના અનુસૂચિત જનજાતિ ખેડૂતોને આધુનિક ખેતી કરવાનો લાભ મળે.

(૨) કાર્ય:

જે–તે ચોક્કસ વિસ્તાર (ગામો) માટે નિયત થયેલ હોય તે સર્વિસ પ્રોવાઇડરે તે વિસ્તારના અનુસૂચિત જનજાતિ ખેડૂતોને ઉપલબ્ધ ફાર્મ મશીનરી દ્વારા જે તે ખેતી કાર્યના ન્યુનત્તમ ભાડા દર નક્કી કરીને જરૂરિયાત હોઇ તેવા ખેડૂતોના ખેતી કાર્યો સમયસર કરી આપવા ખેડૂતોને ફાર્મ મશીનરીની સ્થાનિક સગવડતા મળી રહે તેવું આયોજન કરવાનું રહેશે.

(૩) સહાયનું ધારા–ધોરણ:

આ યોજનામાં **પરિશિષ્ટ–૨ (બ)** મુજબના સાધનો ખરીદે તે સાધનો પર ખર્ચની સહાયની ટકાવારી અથવા મહત્તમ સહાયની રકમ બે માંથી જે ઓછું હોય તે મુજબ મહત્તમ <u>**રૂપિયા ૫૦.૦૦ લાખ સુધી**</u> સહાય આપી શકાશે. **આ યુનિટ હેઠળ ખરીદેલ સાધનોમાં સમાન સાધનો પર ૧૦ વર્ષ સુધી લાભ મળવાપાત્ર રહેશે નહી.**

(૪) સદર ઘટક માટેની અમલીકરણ સમિતિ નીચે મુજબ રહેશે.

| <u>**જિલ્લા કક્ષાની કમિટી**</u> | <u>**હોદ્દો**</u> |
|---|---|
| ૧. જિલ્લા ખેતીવાડી અધિકારી, | અધ્યક્ષ |
| ૨. નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), | સભ્ય |
| ૩. નાયબ ખેતી નિયામક (તાલીમ), | સભ્ય |
| ૪. નાયબ બાગાયત નિયામક | સભ્ય |

ઉકત કમીટી દ્વારા લક્ષ્યાંકની મર્યાદામાં અગ્રતામાં આવતા અરજદાર/સંસ્થાને તમામ વિગતોસહ બોલાવાના રહેશે. શરતો અને બોલિઓ અનુસાર સર્વિસ પ્રોવાઇડર તરીકે કામગીરી કરવા અરજદાર દ્વારા જે તે નક્કી થતા ચોક્કસ વિસ્તાર માટે ખેતીમાં જમીન તૈયારી કરવાથી હાર્વેસ્ટીંગ–થ્રેસીંગ સુધીના ફાર્મ મશીનરી મારફત જે તે ખેતી કાર્ય કરવાના ભાવ પ્રતિ કલાક તેમજ તે કાર્ય કેટલા વિસ્તારમાં કરશે અને તે માટે કયા સાધોનો ખરીદી કરવા માંગે છે તેની વિગતો મેળવી, અગ્રતાક્રમ મુજબ પુર્વ મંજુરી આપવાની રહેશે. અને પુર્વ મંજુરીનું સ્ટેટસ અધિકૃત અધિકારી દ્વારા આઈ–ખેડૂત પોર્ટલમાં અપડેટ કરી સબંધિત અરજદારને મંજૂરી પત્ર આપવાના રહેશે.

(૫) લાભાર્થી ખેડૂતોને સેવા આપવાની કાર્ય પધ્ધતિ:

સર્વિસ પ્રોવાઇડરે નક્કી થયેલ નિયત વિસ્તારના ખેડૂતોને તેમને કરાવવાના થતા ખેતી કાર્યની વિગત (કાર્ય અને અંદાજિત વિસ્તાર) ની નોંધણી કરાવવાથી તેનું કાર્ય કરી આપવાનું રહેશે. સામાન્ય રીતે વહેલા તે પહેલાના ધોરણે કામગીરી કરવાની રહેશે. પરંતુ જ્યારે એક જ સમયે એક કરતા વધુ એક સરખુ કાર્ય આવે ત્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને અગ્રિમતા આપવાની રહેશે. ત્યારબાદ નાના–સિમાંત અને આર્થિક નબળા ખેડૂતોનો ક્રમ આવશે પછી અન્ય ખેડૂત રહેશે. આ કામગીરી કરવામાં ન્યુનત્તમ સમય થાય તે રીતે કાર્ય કરવાનો રૂટ ગોઠવવાનો રહેશે.

(૬) ચકાસણી અને દેખરેખ:

જે તે વિસ્તારના વિસ્તરણ અધિકારીએ નિયમિત દર માસે સર્વિસ પ્રોવાઇડરની કામગીરી ચકાસવાની રહેશે અને તેનો રિપોર્ટ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને કરવાનો રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીએ વખતો–વખત સર્વિસ પ્રોવાઇડરની મુલાકાત લેવાની રહેશે અને દર ત્રણ માસના અંતે ખેતી નિયામકશ્રી ગુ.રા.,ગાંધીનગરને રિપોર્ટીંગ (ખેડૂતનું નામ, ખેડૂતોનો પ્રકાર, ગામ, તાલુકો, ખેતી કાર્યની વિગત, કામના કલાક, આવરી લીધેલ વિસ્તાર વગેરે સહ) કરવાનું રહેશે. વિભાગીય કક્ષાએથી સંબંધિત સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ) અને ખાતા કક્ષાએથી સંબંધિત અધિકારીની ફેરણી દરમિયાન જે તે સર્વિસ પ્રોવાઇડરની મુલાકાત લેવાની રહેશે.

(૭) લાભાર્થીઓને જાણકારી અને પ્રોત્સાહન:

સર્વિસ પ્રોવાઇડર નિયત વિસ્તાર માટે નક્કી થાય એટલે તુરંત નામ, સરનામું, સંપર્ક નંબર અને સંપર્ક વ્યક્તિના નામ સહિતની વિગત સાથે તે વિસ્તારના દરેક ગામની પંચાયત/જાહેર સ્થળ/સહકારી સંસ્થા/દૂધ મંડળી/બસ સ્ટેન્ડ વગેરે જાહેર જગ્યા પર સર્વિસ પ્રોવાઇડરએ બોર્ડ લગાવવાના રહેશે તથા ભારત સરકારશ્રી દ્વારા તૈયાર કરેલ એન્ડ્રોઇડ મોબાઈલ એપમાં પણ તમામ વિગતો અપલોડ કરવાની રહેશે. સરકારી તંત્ર દ્વારા આ સર્વિસ પ્રોવાઇડર વિષે

પ્રચાર–પ્રસાર કરવાનો રહેશે. તથા આકાશવાણી/દૂરદર્શન/સ્થાનિક ન્યુઝપેપર દ્વારા જાહેરાત આપવાની રહેશે.

**(૮)સામાન્ય શરતો અને બોલીઓ:**

(ક) મશીનરી નિભાવણી અને જાળવણી ખર્ચ જે તે સર્વિસ પ્રોવાઇડરે ભોગવવાનો રહેશે.

(ખ)સર્વિસ પ્રોવાઇડરને મળનાર સહાયનો દર તેમજ જે તે ખેતી કાર્યોના દર જાહેર સ્થળે/વેબ સાઇટ/મોબાઈલ એપ ઉપર ઉપલબ્ધ કરાવવાના રહેશે.

(ગ)સર્વિસ પ્રોવાઇડરને ખેતીવાડી ખાતાના સબંધિત અધિકારીશ્રી મારફતે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે

(ઘ)સર્વિસ પ્રોવાઇડરે કયા કયા ઓજારો/સાધનો ઉપલબ્ધ છે તેની વિગતો વેબ સાઇટ/ મોબાઈલ એપ ઉપર મુકવવાની રહેશે.

(ચ)આ યોજના હેઠળ સહાયથી કાર્યરત થયેલ સર્વિસ પ્રોવાઇડર યુનિટ શરૂ થયેથી સાત વર્ષ સુધી ચાલુ રાખવાનું રહેશે. ખેડૂતોની માંગણી મુજબ વ્યાજબી ભાડા દરથી કામગીરી કરી આપવાની રહેશે. તેમજ યોજનાની શરતો બોલીઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(છ)આ યોજના હેઠળ સહાયથી કાર્યરત થયેલ સર્વિસ પ્રોવાઇડર યુનિટ શરૂ થયેથી સાત વર્ષ બાદ યુનિટ ખાતેના સાધનો/ ટ્રેક્ટર જો ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં ન હોય તો જિલ્લા કક્ષાની સમિતિની મંજૂરીથી સરકારશ્રીના ધારા–ધોરણ મુજબ યુનિટનો નિકાલ કરવાનો રહેશે અને તેના નિકાલ કરવાથી ઉપજતી નાણાકીય રકમના ૭૫% રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

(જ)આ યોજના હેઠળ સહાયથી કાર્યરત થયેલ સર્વિસ પ્રોવાઇડર યુનિટ શરૂ થયેથી ૧૦ (દસ) વર્ષ બાદ યુનિટ ખાતેના સાધનો/ટ્રેક્ટર જો ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં ન હોય તો જિલ્લા કક્ષાની સમિતિની મંજૂરીથી જે તે યુનિટ સ્થાપિત કરનાર તેનો નિકાલ કરી શકશે.

(ઝ)આ યોજના હેઠળ સહાયથી કાર્યરત થયેલ સર્વિસ પ્રોવાઇડર યુનિટ નિકાલ માટેની મંજૂરી આપતા પહેલા યુનિટ શરૂ થયેથી વર્ષવાર કામગીરી કર્યા અંગેની વિગતો, મશીનરીની પરિસ્થિતિની જિલ્લા સમિતિએ ચકાસણી કરવાની રહેશે અહેવાલ તૈયાર કરી મંજૂરીની કાર્યવાહી કરવાની રહેશે.

(ટ)આ યોજના હેઠળ સહાયથી કાર્યરત થયેલ સર્વિસ પ્રોવાઇડર યુનિટના નિકાલ માટે ઉપર મુજબ કાર્યવાહી પરિપૂર્ણ થાય તે બાબત ધ્યાને રાખીને સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ નિકાલ માટે જરૂરી પ્રમાણપત્ર આપવાના રહેશે અને તે બાબતે ખાતાને જાણ કરવાની રહેશે.

(૬)પસંદ થયેલ સર્વિસ પ્રોવાઈડરે પૂર્વ મંજૂરીના આદેશની તારીખથી નિયત કરેલ શરતો અને બોલીઓ મુજબ નિયત મશીનરી ખરીદી કરી દિન–૬૦ તમામ આધારસહ જિલ્લા ખેતીવાડીશ્રીની કચેરીમાં કલેઈમ રજુ કરવાનો રહેશે. સમય મર્યાદામાં કલેઈમ રજુ ન થાય તે કિસ્સામાં વ્યાજબી કારણો ધ્યાને લઈ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી વધુમાં વધુ ૩૦ દિવસ સુધી મુદત વધારી શકશે.

## <u>પરિશિષ્ટ–૪</u>

## મુખ્યમંત્રી વનબંધુ કૃષિ યાંત્રિકીકરણ યોજના (અનુસૂચિત જનજાતિ) ખેડૂતો/સર્વિસ પ્રોવાઈડર માટે અમલીકરણ પધ્ધતિ

- આ કાર્યપધ્ધતિ હેઠળ **પરિશિષ્ટ–૨(અ)** અને **(બ)** મુજબના તમામ ઘટકો આવરી લેવાયેલ છે.

(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ:

**i-khedut** પોર્ટલ ઉપર ખેડૂતોએ/સર્વિસ પ્રોવાઈડરે ઓનલાઇન અરજી કરવાની રહેશે જે ઓટો ઈનવર્ડ થશે, જ્યારે અરજદારે કરેલ ઓનલાઈન અરજી પ્રીન્ટ આઉટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે.

(૨) અરજીઓની પાત્રતા નક્કી કરવાની કાર્યપદ્ધતિ:

કુલ ઈનવર્ડ થયેલ અરજીઓ પૈકી **i-khedut** પોર્ટલ પર જણાવેલ પધ્ધતિ મુજબ તાલુકાવાર ઈલેક્ટ્રોનીક ડ્રો કરીને અગ્રતા યાદી તૈયાર કરવાની રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયતએ તેઓના તાબાના અધિકૃત કરેલ ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી(ખેતી)/તાલુકા અમલીકરણ અધિકારીશ્રી/પેટા વિભાગીય અધિકારીશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે આ યોજના તથા સરકારશ્રીની અન્ય કોઈ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સહાય મેળવેલ નથી તેની ચકાસણી કરી ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદ્દનુસાર **i-khedut** પોર્ટલમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

(૩) અરજીઓની મંજુરી અંગેની કાર્યપધ્ધતિ:

ડ્રો માં પસંદ થયેલ અરજીઓ પૈકી અગ્રતા ક્રમાંકના લાભાર્થી/ સર્વિસ પ્રોવાઈડર ને લક્ષ્યાંકની મર્યાદામાં સંબંધિત અધિકારીએ પૂર્વ મંજૂરી આપવાની રહેશે. યોજના હેઠળના ઘટક માટે મંજૂર કરાયેલ અરજીઓની સંબંધિત અરજદારોને તેઓના સરનામે લેખિતમાં/SMS થી

જાણ કરવાની રહેશે. લાભાર્થી/ સર્વિસ પ્રોવાઈડર દ્વારા માન્ય સાધન ખરીદ કરી તે અંગેનું બિલ અને સાધન સાથેનો ફોટો i-khedut પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે.

(૪) ખરીદી કર્યા બાદ ઈનપુટ સાધન સામગ્રીની ચકાસણી કરવા બાબત:

લાભાર્થી/સર્વિસ પ્રોવાઈડર એ તેઓની પસંદગી અનુસાર ઘટકના મોડલની ખરીદી ભારત સરકાર દ્વારા માન્ય કરેલ ટેસ્ટિંગ સંસ્થાઓ દ્વારા ટેસ્ટિંગ થયેલ અને i-khedut પોર્ટલ પર પ્રદર્શિત/રજીસ્ટર થયેલ કંપનીના માન્ય મોડેલ/સાધનની તેઓના મેન્યુફેક્ચરર/વેન્ડરના ઓથોરાઈઝડ ડીલર પાસેથી ખરીદી કરી તે અંગેના જરુરી આધાર પુરાવા મંજુરી મળ્યાનાં દિન-૩૦ માં સબંધિત કચેરીના અધિકૃત અધિકારી /કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે રજુ કરવાના રહેશે. કંબાઈન હાર્વેસ્ટર ઘટકમાં મંજૂરી મળ્યાના દિન-૬૦ માં સબંધિત કચેરીના અધિકૃત અધિકારી /કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે રજુ કરવાના રહેશે.

અરજદાર દ્વારા i-khedut પોર્ટલ પર કરવામાં આવેલ અરજીમાં આપેલ કોઈ પણ વિગતો ખોટી જણાશે તો, પૂર્વમંજુરી આધારીત ખરીદ પ્રક્રિયા પૂર્ણ કરેલ હોવા છતાં અરજદારની અરજી રદ ગણવામાં આવશે અને સહાય મળવાપાત્ર રહેશે નહી. આ અંગે અરજદારનો હક્ક-દાવો રહેશે નહી.

ખરીદી બાદ રજુ થયેલ ક્લેઇમનું અધિકૃત અધિકારીએ i-khedut પોર્ટલ પર સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે. સબંધિત અધિકારીએ મળેલ દરખાસ્ત અન્વયે ભૌતિક ચકાસણી કરી/કરાવી તે અંગેનું સ્ટેટસ i-khedut પોર્ટલ પર અપડેટ કરવાનું રહેશે

(૫) ઘટક ખરીદી કર્યા બાદ સહાયની ચુકવણીની કાર્યપદ્ધતિ:

જે તે ઘટક મુજબ ખરીદીની ચકાસણી કર્યા બાદ સહાય ચુકવવા પાત્ર યોગ્ય જણાતા ક્લેઇમની i-khedut પોર્ટલ પર સ્ટેટસ અપડેટની કાર્યવાહી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદી i-khedut પોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સીકકા કરી જયાં લાગુ પડતા હોય ત્યાંના અધિકારી મારફતે સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીને મોકલવાનો રહેશે. ત્યારબાદ જે તે જિલ્લા ખેતીવાડી અધિકારીએ અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ECS(Electronic Clearance Service)/ RTGS (Real Time Gross Settlement) /એકાઉન્ટ પે ચેક/NEFT/ PFMS મારફત ચુકવણી કરવાની રહેશે.

=========================================================